# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade B** by NAAC
(**CGPA 2.93**)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓગષ્ટ માસની સામાન્ય સભા તા. ૧૬/૦૮/૨૦૧૨ ને ગુરૂવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | **હાજર / ગેરહાજર** |
|---|---|---|
| ૧. | ડો. મહેન્દ્રભાઈ કે. પાડલીયા – કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | – ખાલી – |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડો. વિજયકુમાર કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડો. યજ્ઞેશભાઈ એમ. જોશી | હાજર |
| ૮. | ડો. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડો. નિલાંબરીબેન આર. દવે | હાજર |
| ૧૦. | ડો. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૧. | શ્રી નેહલકુમાર સી. શુકલ | હાજર |
| ૧૨. | ડો. ગિરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૩. | ડો. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૪. | ડો. નિદત્તભાઈ પી. બારોટ | હાજર |
| ૧૫. | ડો. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૬. | ડો. ચંદ્રકાન્ત એ. હીરાણી | હાજર |

## –:: કાર્યવાહી નોંધ ::–

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા. ૨૩/૦૭/૨૦૧૨ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૩/૭/૨૦૧૨ની મિનિટસ નીચે મુજબ ના સુધારા સાથે મંજૂર કરવી.**

**ઠરાવ ક્રમાંક ૪(૧૬)માં થયેલ ઠરાવને નીચે મુજબના સુધારા સાથે વાંચવો.**

**"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારી ફિઝીયોથેરાપી વિષયની અભ્યાસ સમિતિની રચના કરવા સ્ટેચ્યુટ-૯૯(૭) ફેકલ્ટી ઓફ મેડીસીન નીચે મુજબની વિગતે સુધારવા સેનેટને ભલામણ કરવી.**

**STATUTE: 99(7) Faculty of Medicine-6 Boards**
**(6) Physiotherapy "**

**ઠરાવ ક્રમાંક ૪(૭૫) માં નાચે મુજબનો ઉમેરો કરવો.**

**"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, માહે જૂન – ૨૦૧૨થી નવી કોલેજના જોડાણ માટે આવેલ જોડાણ અરજી સંસ્થા ઈચ્છે તો વર્ષ – ૨૦૧૩-૧૪ માટેના નવી કોલેજના જોડાણ માટે વિચારણામાં લેવા યુનિવર્સિટીને પ્રોસેસીંગ ફી રીફંડના વિકલ્પે વિનંતી કરીશકશે."**

**ઠરાવ ક્રમાંક ૫.૧૫ (૨૧), ૫.૧૬(૨૨), ૫.૧૭(૨૩), ૫.૨૦(૨૬), ૫.૨૧(૨૭), ૫.૨૨ (૨૮), ૫.૨૩(૨૯), ૫.૨૪(૩૦), ૫.૨૫(૩૧), ૫.૨૬(૩૨), ૫.૨૭(૩૩) અને ૫.૨૮ (૩૪) માં થયેલ ઠરાવને નીચે મુજબના સુધારા સાથે વાંચવો.**

**"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત સેન્ટર માટે આવેલ દરખાસ્ત ઉપર નિયમો મુજબની પૂર્તતા મંગાવવી સિન્ડિકેટની વિચારણા અર્થે બાબત મુકવી."**

૨ મહેકમ-બ — શારીરિક શિક્ષણ નિયામક તરીકે ફરજ બજાવતા ડો. જતીન એચ. સોનીની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના પ્રથમ કુલપતિ તરીકે એક વર્ષ માટે નિમણૂંક મળેલ હોય તેમની અક વર્ષની લીયન મંજૂર કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધઃ- (૧) ડો. સોની હાલ અત્રેની યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણ નિયામક તરીકે ફરજ બજાવે છે.

(૨) ડો. જે. એચ. સોનીને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાધીનગર ખાતે કુલપતિ તરીકે એક વર્ષ માટે નિમણુંક મળેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, માન. કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડો. જતીન સોનીની સ્વર્ણીમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના પ્રથમ કુલપતિશ્રી તરીકે નિયુકિત થતા તેઓશ્રીને સિન્ડિકેટ વતી અભિનંદન પાઠવવા.**

૩ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૨૮/૦૬/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક મસભ/૧૦૨૦૧૨/
ઓડિટ ૭૬૧/ચ નો અમલ તા. ૦૪/૦૭/૨૦૧૨ થી કર્યા અંગેના માન. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધઃ- (૧) જી.આર.માં મીનીમમ કિ.મી.ના સંદર્ભમાં મીનીમમ રકમ ચૂકવવાની જોગવાઈ ન હોય ઉપર પૈકી કોઈપણ પ્રકારના વાહન માટે મીનીમમ રકમ ચૂકવી શકાશે નહીં.

(૨) ઓર્ડી. - ૧૮૩ના સંદર્ભ ભાગમાં સુધારો કરવાનો થાય.

**આથી ઠરાવવામાં આવે છે કે, માન. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી અને તે મુજબ સબંધિત ઓર્ડિનન્સમાં સુધારો કરવો.**

સંદર્ભિત ઠરાવની નકલ આ સાથે પરિશિષ્ટ "૦૧" તરીકે સામેલ છે.

૪ નિરંજનાબેન સટ્ટાવાલા એસ્ટેટના વહીવટદાર તરફથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન
પરીક્ષા સેલ વિદ્યાશાખાની તૃતીય વર્ષ બી.એ. પરીક્ષામાં ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીને સુવર્ણચદ્રક એનાયત કરવા માટે રૂા. ૧,૨૫,૦૦૦/- દાન ડિમાન્ડ ડ્રાફટ નંબર ૨૨૦૪૩ તા. ૧૦/૦૯/૨૦૦૮થી હિસાબી વિભાગમાં જમા કરાવેલ છે. આ અગેના દાનનોસ્વીકાર કરવા બાબત અને તે અંગેના નિયમો મંજૂર કરવા અંગેની વિચારણા કરી યોગ્ય નિર્ણયકરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત દાનનો સ્વીકાર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, દાતા તરફથી દાનની રકમ મળ્યે તે અંગેની બાબત જે તે સબંધીત વિભાગ / ભવન મારફત સત્વરે સિન્ડિકેટ સમક્ષ મુકવી.**

(દાતાશ્રીની શરતો અને દાનની રકમનું સાધનિક રેકર્ડ આ સાથે પરિશિષ્ટ "૦૨" તરીકે સામેલ છે.)

૫ હરિવંદના એજયુકેશન ટ્રસ્ટ દ્વારા તા.૩૦-૭-૨૦૧૨નાં રોજ સંલગ્ન કોલેજમા પ્રથમ વર્ષ :
જોડાણ એલએલ.બી. અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણ અરજી કરેલી છે તથા હરિવંદના એજયુકેશન ટ્રસ્ટનાં તા. ૩૧-૭-૨૦૧૨ ના પત્રથી હરિવંદના કોલેજમાં એલએલ.બી. અભ્યાસક્રમ શરૂ કરવા એન.ઓ.સી. આપવા વિનંતી કરેલ છે.

માતુશ્રી સ્વ. ઉષાબેન ભીખાભાઈ ચૌહાણ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હરિદર્શન કોલેજની એલએલ.બી.અભ્યાસક્રમ માટે એન.ઓ.સી. આપવામાં આવેલ છે

માતુશ્રી સ્વ. ઉષાબેન ભીખાભાઈ ચૌહાણ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી દ્વારા તેમના દ્વારા ભરવામાં આવેલી જોડાણ ફી અને એન.ઓ.સી. ફી હરિવંદના એજયુકેશન ટ્રસ્ટમાં ગણવા (ટ્રાન્સફર કરવા) વિનંતી કરવામાં આવેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, માતૃશ્રી સ્વ. ઉષાબેન ભીખાભાઈ ચૌહાણ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હરીદર્શન કોલેજ માટે એલએલ.બી. અભ્યાસક્રમના નવા જોડાણ માટે ભરવામાં આવેલ એન. ઓ. સી. માટેની ફી હરીવંદના એજયુકેશન ટ્રસ્ટ સંલગ્ન હરીવંદના કોલેજ માટે એલએલ.બી. અભ્યાસક્રમના નવા જોડાણ માટેના એન.ઓ.સી.માટે ટ્રાન્સફર કરવી નહીં.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, નવા જોડાણ માટેની પ્રોસેસીંગ ફી તા.૨૩/૭/૧૨ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંક ૪(૭૫) મુજબ સંસ્થાને પરત ચુકવવી.**

૬ જોડાણ હરિવંદના એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત- હરિવંદના કોલેજ, રાજકોટના સંલગ્ન કોલેજમાં પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણ આપવા અરજી કરેલ છે. જે એકેડેમિક કાઉન્સિલ ની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટમાં વિચારણા કરવા બાબત.

કાયદા વિદ્યાશાખા (નવું જોડાણ)
પ્રથમ વર્ષ : એલએલ.બી.

**નોંધઃ-**
સ્થાનિક તપાસ સમિતિનાં બે સભ્યશ્રીનો અહેવાલ તારીખઃ ૦૧/૦૮/૨૦૧૨નો આ સાથે સામેલ અને જોડાણ આપવા ભલામણ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવેલ છે કે, આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી, હરિવંદના એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત – હરિવંદના કોલેજ, રાજકોટ તરફથી જૂન ૨૦૧૨ થી ઉપર દર્શાવેલ જોડાણની વિગતે નવા જોડાણની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ભલામણ સ્વીકારવી અને યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન તા.૩૧/૦૮/૨૦૧૨ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે સસ્થા/કોલેજ કરે તો ઉપર્યુકત જોડાણની વિગતે તા.૧૫/૦૬/૨૦૧૨ થી તા. ૧૪/૬/૨૦૧૩ સુધી એક વર્ષ માટે નવું જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉકત સંસ્થાના નવા જોડાણ માટે રાજય સરકારશ્રીને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા ભલામણ કરવી તેમજ બાર કાઉન્સિલ ઓફઈન્ડિયાની માન્યતા મળ્યા બાદ જ વિદ્યાર્થી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવી.**

(નોંધ : ઉપર્યુકત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આ સાથે પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.

૭ જોડાણ સર્વોદય એજયુકેશન સોસાયટી સંચાલિત – એમ. એમ. સાયન્સ કોલેજમાં સંદર્ભે કોલેજનાં આચાર્યશ્રી ની રજૂઆત, ટ્રસ્ટી મંડળની રજૂઆત, કમિટિનો અહેવાલ અને લીગલ વિભાગનો અભિપ્રાય અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટની કલમ ૩૮ (૧) (૨) (૩) અન્વયે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત બાબતે નિર્ણય કરવા માન. કુલપતિશ્રીને સત્તા આપવી.**

૮ તા. ૭-૮-૨૦૧૨નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.
હિસાબ

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાયનાન્સ સમિતિની ઉપર્યુકત કાર્યવાહીની નોંધ મંજૂર કરવી.**

( નોંધ : ઉપર્યુકત બાબત પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે )

૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સુરક્ષા નિધિનાં નિયમ નં.૧૩માં ફેરફાર કરવા બાબત.
શા. શિ.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સુરક્ષા નિધિ નિયમ ૧૩માં અકસ્માત દ્વારા મૃત્યુને બદલે કોઈપણ પ્રકારે મૃત્યુ પામનારને સદર નિધિ અન્વયે સહાય મળવા પાત્ર થશે તે મુજબનો સુધારો કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત જોગવાઈને કારણે સુરક્ષા નિધિમાં આર્થિક સક્ષમતા જળવાઈ નહી તો તે પરત્વેની વિદ્યાર્થી ફીમાં વધારો કરવો.**

૧૦. સને ૨૦૧૨-૧૩નાં વર્ષ માટે તા.૬-૮-૧૨નાં રોજ બોર્ડ ઓફ કલ્ચરની મિનિટસ મંજૂર કરવા
શા.શિ. બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ કલ્ચરની ઉપર્યુકત મિનિટસ મંજૂર કરવી.**

( નોંધ : ઉપર્યુકત બાબત પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે )

૧૧. સને ૨૦૧૨ – ૧૩નાં વર્ષ માટે તા. ૧૮-૭-૧૨નાં રોજ બોર્ડ ઓફ સ્પોર્ટસની મિનિટસ મંજૂર
શા.શિ. કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્પોર્ટસની ઉપર્યુકત મિનિટસ મંજૂર કરવી.**

( નોંધ : ઉપર્યુકત બાબત પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે )

૧૨. યુનિવર્સિટીની કમિટિ ફોર એન. એસ. એસ. એન્ડ સોશ્યલ વર્કનીરચના કરવા અંગેના ઓ.૩૪
એન.એસ. ભારત સરકારનાં મીનીસ્ટ્રી ઓફ એન. એસ. એસ.નાં રીઝીયોનલ કેન્દ્રનાં યુથ ઓફિસર અને
એસ. પ્રમુખશ્રી, અમદાવાદનાં પત્ર નંબર : પી-૧૨/રાસોયો/૧૨/૭૪ થી ૮૦, તા.૫-૭-૧૨ અન્વયે
સુધારવા વિચારણા કરવા બાબત.

( નોંધ : ઉપર્યુકત સુચિત સુધારો ભારત સરકારશ્રીનાં યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયનાં ૨૦૦૬ અન્વયે કરવા અને તે મુજબની ઉકત સમિતિની સભા યોજવા ઉકત પત્રથી જાણ કરવામાં આવે છે)

**આથી ઠરાવવામાં આવે છે કે, કમિટિ ફોર એન. એસ. એસ. એન્ડ સોશ્યલ વર્કની રચના અંગેની બાબત હાલ મુલતવી રાખવી.**

( નોંધ : ઉપર્યુકત બાબત પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે )

૧૩. ઓડિટ — યુનિવર્સિટીનાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના સ્થાનિક ભંડોળ તથા સને ૨૦૦૮-૦૯ થી ૨૦૦૯-૧૦નાં એ.જી.ઓડિટ રિપોર્ટસના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ – ૫૦ (૨) અનુસાર આ યુનિવર્સિટીનાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬નાં વર્ષનાં ગ્રાન્ટ ફંડ, જનરલ ફંડ તેમજ સામાન્ય ભવિષ્ય નિધિ નાં ગુજરાત સરકારશ્રીનાં સ્થાનિક ભંડોળ હિસાબ દવારા, હિસાબોની ચકાસણી બાદમાં આવેલ ઓડિટ રિપોર્ટસ અન્વયે તેમજ સને ૨૦૦૮ – ૦૯ અને ૨૦૦૯-૧૦ સુધીનાં એ.જી. ઓડિટ રિપોર્ટસ અન્વયે કાર્યાલય તરફથી સદરહુ ઓડિટ રિપાર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબોરિપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની સભા તા.૧૪-૮-૧૨નાં રોજ મળેલ હતી, તે અંગેની રિપોર્ટસ સાથેની મિનિટસ અંગે વિચારણા કરવા તથા તે રિપોર્ટ તથા જવાબો આગામી સેનેટની સભા સમક્ષ મુકવા અંગે નિર્ણય કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના સ્થાનિક ભંડોળ તથા સને ૨૦૦૮ – ૦૯ થી ૨૦૦૯-૧૦નાં એ.જી.ઓડિટ રિપોર્ટસના અહેવાલ તેમજ તે અંગે તૈયાર કરવામાં આવેલા જવાબોની નોંધ લેવામાં આવી તેમજ તે સેનેટ તથા રાજય સરકારશ્રી સમક્ષ રજૂ કરવા મંજૂરી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત બાબતે સભ્યશ્રી ડો.ચંદ્રકાંત હીરાણીએ અસંમતી દર્શાવતા તેની નોંધ લેવામાં આવેલ.**

૧૪ એકેડેમિક — યુનિવર્સિટી એકસટર્નલ પરીક્ષાઓના સેમેસ્ટરાઈઝેશનની યોજના અમલમાં મુકવામાં આવતા એમ.એ. તથા એમ.કોમ. એકસટર્નલ પરીક્ષાની નોંધણી માટે રેગ્યુલર વિધાર્થીઓ માટે પ્રવેશનું જે ધોરણ છે તે એટલે કે સ્નાતક કક્ષાએ ૪૮% ગુણની જોગવાઈ કરવા અંગેના ઉકત બન્ને પરીક્ષાના ઓ.-૧ ને તથા શાબ્દિક જોગવાઈઓના સુધારા સાથેના બી.એ., બી.કોમ. તથા એમ.એ.,એમ.કોમ.ના ઓર્ડિ. એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપક્ષાએ સુધારવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુકત બાબત સ્વીકારવી નહીં.**

૧૫ પરીક્ષા સેલ પ્રોફેસર આર.જી.કુલકર્ણી એમ. એસસી. (ફીઝીકસ)માં પારીતોષિક જાહેર કરવા અંગે દાતાશ્રી તરફથી રૂા. ૭૫,૦૦૦/- નું દાન ચેક નં. ૦૩૯૩૮૧ તા.૧૬/૦૫/૨૦૧૨ કર્ણાટક બેન્કનો ચેક તા. ૨૯/૦૫/૨૦૧૨ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હિસાબ પ્રો.ફંડ વિભાગમાં જમા કરાવેલ છે. આ અંગેના દાનનો સ્વીકાર કરવા બાબત અને તે અંગેના નિયમો મંજૂર કરવા અંગેની વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, દાતાશ્રી તરફથી મળેલ ઉપર્યુકત દાનની રકમ પારસ્પરીક શરતોને આધીન સ્વીકારવી.**

(દાતાશ્રીની શરતો અને દાનની રકમનું સાધનિક રેકર્ડ આ સાથે પરિશિષ્ટ "૦૮" તરીકે સામેલ છે.)

૧૬ પરીક્ષા સેલ માન. કુલપતિશ્રીએ આપેલ આદેશાનુસાર જે ફેકલ્ટીમાં ગોલ્ડમેડલ જાહેર કરવામાં આવેલ નથી, તે ફેકલ્ટીમાં ગોલ્ડમેડલ જાહેર કરવા અંગે એક કમિટી નિયુકત કરેલ છે. જેની સભા તા. ૧૭/૦૭/૨૦૧૨નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે મળેલી હતી. તે મંજૂર કરવા અંગેની વિચારણાકરી નિર્ણય કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ગોલ્ડ મેડલ જાહેર કરવા અંગેની ઉપર્યુકત સમિતિની ભલામણ સ્વીકારવી.**

(આ અંગેનું સાધનિક રેકર્ડ આ સાથે પરિશિષ્ટ "૦૯" તરીકે સામેલ છે.)

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું.

નં.: સિન્ડિ/૧૭૭/૨૦૧૨ **કુલસચિવ**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવસિટી રોડ,
રાજકોટ.
તા.૦૫/૦૯/૨૦૧૨

**પ્રતિ,**
સિન્ડિકેટનાં સર્વે સભ્યશ્રીઓ તરફ.....

**નકલ રવાનાઃ-**
૧. માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.